# સુરત શહેરના યુવાનોની મોબાઈલ ફોન ઉપયોગ કરવાની ટેવનો તુલનાત્મક અભ્યાસ

અદિતીબેન કે. બારોટ
આસિસ્ટન્ટ પ્રોફેસર,
ઝેડ.એફ.વાડિયા મહિલા કોલેજ અને એન.કે. ઝોટા કોલેજ ઓફ કોમર્સ,સુરત

## ૧.પ્રસ્તાવના

૨૧મી સદી વિકાસની સદી સાથે મોબાઇલની સદી તરીકે ઓળખાશે. માનવીએ પોતાના સુખ અને શાંતિ તથા સંદેશાવ્યવહાર માટે અનેક સાધનનો વિકાસ કયો છે.જેમાં રેડિયો,ટેલીવીઝન,કોમ્પ્યુટર,ફોન તથા મોબાઇલ ફોનનો સમાવેશ કરી શકાય છે. મોબાઇલ ફોનની સાથે ઇન્ટરનેટના જોડાણે માનવીના હાથમાં દુનિયા આપી દીધી છે. મોબાઇલ ફોન અને ઇન્ટરનેટના જોડાણના કારણે સંદેશાવ્યવહારની દુનિયા બદલાઇ ગઇ છે. બાળકોથી માંડી વૃધ્ધો સુધી તમામ ઉંમરની વ્યક્તિ મોબાઇલનો ઉપયોગ કરે છે. મોબાઇલ ફોનના ઉપયોગથી સગવડતા વધી છે સાથે સાથે તેના બિનકાળજીપૂર્વકના ઉપયોગે કેટલીક સમસ્યાઓ પણ પેદા કરી છે.કેટલીકવાર સામાન્યથી લઇને ગંભીર પ્રકારની મુશ્કેલી જણાય આવે છે.માનસિક સ્વાસ્થ્યના પ્રશ્નો જણાય આવે છે.અકસ્માતના જેવી ગંભીર ગણી શકાય તેવી સમસ્યાઓ વધી રહી છે.કેટલીકવાર તો આર્થિક અને સામાજિક પ્રશ્નો પણ સર્જાય છે. આ બધી સમસ્યાઓ યુવાનોમાં વધુ જોવા મળે છે. તેથી પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ અંગેની ટેવનો અભ્યાસ કરવાનું નક્કી કર્યુ છે. તેમાં છોકરાઓ અને છોકરીઓ તથા ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેઠાણ કરતાં યુવાનોમાં મોબાઇલ ફોન ઉપયોગ બાબતે કોઇ તફાવત છે કે કેમ તે બાબતે ધ્યાન કેન્દ્રિત કરી અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે.

## ૨.ટેવની વ્યાખ્યાઓ

ટેવની વિવિધ વ્યાખ્યાઓ નીચે મુજબ બતાવી શકાય.

"Habit is the tendency of an organism to behave in the same way as it has Behaved before".

------William James

"All changed of behaviour acquired through experience are called habits Learning is the process of acquiring these changes".

-------Morgan & Gillilamd

## ૩.સમસ્યાકથન

સુરત તાલુકાના યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવનો તુલનાત્મક અભ્યાસ.

## ૪. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા હતાં.

**1.**યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવનો અભ્યાસ કરવો.

**2.**યુવતીઓ અને યુવકોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવનો અભ્યાસ કરવો.

**3.**ગ્રામ્ય અને શહેરી વિસ્તારના યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવનો અભ્યાસ કરવો.

## ૫.સંશોધનની સિધ્ધાંત કલ્પના

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી.

1. યુવતીઓ અને યુવકોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.
2. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવતજોવા મળતો નથી

**3.**ગ્રામ્ય અને શહેરી વિસ્તારની યુવતીઓની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**4.**ગ્રામ્ય અને શહેરી વિસ્તારના યુવકોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકા વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**૬.સંશોધનના પરિવર્ત્યો**

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબના પરિવર્ત્યો નક્કી કરવામાં આવ્યા હતાં.

•સ્વતંત્ર પરિવર્ત્યો- જાતિ- યુવકો અને યુવતીઓ, રહેઠાણ વિસ્તાર – ગ્રામ્ય અને શહેરી વિસ્તાર

•આધારીત પરિવર્ત્યો – મોબાઇલ ફોન ઉપયોગની ટેવના પ્રાપ્તાંકો

**૭.સંશોધનનો નમૂનો**

પ્રસ્તુત સંશોધનનો હેતુ સુરત તાલુકાના યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવનો તુલાનત્મક અભ્યાસ તેથી સુરત તાલુકાની કોલેજોમાં અભ્યાસ કરતાં યુવાનો પ્રસ્તુત અભ્યાસ માટે વ્યાપવિશ્વ બને છે. પ્રસ્તુત સંશોધનમાં યદ્દચ્છ નિર્દેશ પધ્ધતિ દ્વારા નમૂનાની પસંદગી કરવામાં આવી હતી. પ્રસ્તુત સંશોધનમાં કુલ 120 યુવાનોની પસંદગી કરવામાં આવી હતી. જેમાં 60 યુવકો અને 60 યુવતીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાંથી 30 યુવક અને યુવતીઓ તથા શહેરી વિસ્તારમાંથી 30 યુવકો અને યુવતીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૮.માહિતી એકત્રીત કરવાના સાધનો**

પ્રસ્તુત સંશોધનમાં યુવાનોની મોબાઇલ ટેવનું માપન કરવામાં પ્રશ્નાવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેની રચના સંશોધકે પોતે કરી હતી. જેમાં કુલ 25 વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**૯.માહિતી એકત્રીત કરવાની પધ્ધતિ**

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ સુરત તાલુકાના વિસ્તારમાં આવેલી તમામ કોલેજમાં અભ્યાસ કરતા યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવનો તેમની જાતિ અને રહેઠાણ વિસ્તારના સંદર્ભે કોઇ તફાવત છે કે કેમ તે બાબતનો શોધ કરવાનો હતો. તેથી સૌ પ્રથમ સંશોધનની સમસ્યા તેમજ હેતુ નક્કી કર્યા બાદ સંશોધનમાં સંશોધનપાત્રો પાસેથી માહિતી મેળવવા માટે ઉપયોગી થાય તેવા સાધનોની (TOOLS) રચના કરવામાં આવી હતી. ત્યારબાદ સુરત તાલુકાની હદ વિસ્તારમાં આવેલ કોલેજોમાંથી યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતો નમૂનો પસંદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સાથે એક મદદનીશ રાખી યુવાનોની સાથે સુયોગ્ય સાયુજ્ય સાધી પ્રશ્નાવલિઓ આપવામાં આવી હતી જે માટે તેમને પહેલાથી આપવામાં આવેલ સુચનાનું પાલન કરવા માટે જણાવવામાં આવ્યુ. હતું પ્રશ્નાવલિઓ યોગ્ય રીતે ભરાઇ ગયા બાદ યુવાનો પાસેથી લઇ તેમનો આભાર માનવામાં આવ્યો હતો.

**૧0.આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ**

પ્રસ્તુત અભ્યાસમાં મધ્યક,પ્રમાણિત વિચલન, પ્રમાણિત ભૂલ તથા ટી- કસોટી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**પરિણામની ચર્ચા**

પ્રસ્તુત અભ્યાસમાં જુદા જુદા હેતુઓ પૈકી યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવ અંગેની માહિતી મેળવવી એ હેતુ સમાયેલો હતો. તેના સંદર્ભમાં શું પરિસ્થિતિ પ્રવર્તે છે તે અંગેની શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી કરવા માટે આંકડાશાસ્ત્રીય “t” કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. “t” કસોટી દ્વારા મેળવેલ પરિણામોની ચર્ચા નીચે કોષ્ટકમાં કરવામાં આવી છે.

મોબાઇલ ફોન ઉપયોગની ટેવ બાબતમાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના યુવતીઓ અને યુવકો જુદા પડે છે કે કેમ તે જાણવા માટે ‘t’ કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેના પરિણામો અને પરિણામોની ચર્ચા નીચે વિગતે TABLE માં કરવામાં આવી છે.

Table: 1 યુવાનોના મોબાઇલ ફોન ઉપયોગની ટેવ અંગેના પ્રાપ્તાંકોના મધ્યક,પ્રમાણિત વિચલન, પ્રમાણિત ભૂલ તથા ટી –મૂલ્ય.

| જૂથો | સંખ્યા | મધ્યક | પ્રમાણિત વિચલન | પ્રમાણિત ભૂલ | ટી–મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|
| યુવતીઓ | 60 | 40.50 | 12.02 | 1.92 | 3.14 | સાર્થક 0.01કક્ષાએ |
| યુવકો | 60 | 46.52 | 8.75 | | | |
| ગ્રામ્ય વિસ્તાર | 60 | 42.58 | 9.01 | 1.43 | 3.87 | સાર્થક 0.01 કક્ષાએ |
| શહેરી વિસ્તાર | 60 | 48.12 | 6.47 | | | |
| યુવતીઓ ગ્રામ્ય વિસ્તાર | 30 | 39.48 | 7.32 | 1.74 | 4.43 | સાર્થક 0.01 કક્ષાએ |
| યુવતીઓ શહેરી વિસ્તાર | 30 | 47.19 | 6.12 | | | |
| યુવકો ગ્રામ્ય વિસ્તાર | 30 | 42.17 | 9.17 | 2.04 | 3.55 | સાર્થક 0.01 કક્ષાએ |
| યુવકો શહેરી વિસ્તાર | 30 | 49.42 | 6.42 | | | |

કોષ્ટકમાં જોતા જણાય આવે છે કે દરેક શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવ્યો છે.યુવકો અને યુવતીઓ વચ્ચે મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવની બાબતમાં સાર્થક તફાવત જોવા મળ્યો હતો. તેમાં યુવતીઓ મોબાઇલ ફોન ઉપયોગ કરવાની બાબતમાં યુવકો કરતા સારિ ટેવ ધરાવે છે. તેવી જ રીતે ગ્રામ્ય વિસ્તારના યુવાનો શહેરી વિસ્તારના યુવાનો કરતા મોબાઇલ ફોન ઉપયોગ કરવાની બાબતમાં સારી ટેવ ધરાવે છે. તેમજ ગ્રામ્ય વિસ્તારના યુવતીઓ અને યુવકો પણ શહેરી વિસ્તારની યુવતીઓ અને યુવકો કરતા મોબાઇલ ફોન ઉપયોગ કરવાની બાબતમાં સારી ટેવ ધરાવે છે.

## ૧૧.તારણો

પ્રસ્તુત સંશોધનના તારણો નીચે મુજબ જોવા મળ્યા હતા.

1. યુવતીઓ અને યુવકોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. યુવતીઓ યુવકો કરતાં મોબાઇલ ફોન ઉપયોગ કરવા માટે વધુ સારી ટેવ ધરાવે છે.
2. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના યુવાનોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.ગ્રામ્યવિસ્તારના યુવાનો શહેરી વિસ્તારના યુવાનો કરતા મોબાઇલ ફોન ઉપયોગ કરવા માટે વધુ સારી ટેવ ધરાવે છે.
3. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની યુવતીઓની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે.ગ્રામ્ય વિસ્તારની યુવતીઓ શહેરી વિસ્તારની યુવતીઓ કરતાં મોબાઇલ ફોન ઉપયોગ કરવા માટે વધુ સારી ટેવ ધરાવે છે.
4. ગ્રામ્ય અને શહેરી વિસ્તારના યવકોની મોબાઇલ ફોન ઉપયોગ કરવાની ટેવના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળે છે. ગ્રામ્ય વિસ્તારના યુવકો શહેરી વિસ્તારના યુવકો કરતા મોબાઇલ ફોન ઉપયોગ કરવા માટે વધુ સારી ટેવ ધરાવે છે.

## સંદર્ભ સૂચિ


1. ભટ્ટ અને રાવલ,(2003).'શૈક્ષણિક મનોવિજ્ઞાન અને અધ્યેતાનો વિકાસ',અનડા પ્રકાશન, અમદાવાદ,ગુજરાત,પ્રથમ આવૃત્તિ.
2. પટેલ, પી.જી.,(1992). ' શીખવાની પ્રક્રિયા' ગૂર્જર પ્રકાશન,અમદાવાદ,ગુજરાત,પ્રથમ આવૃત્તિ
3. http://www.academia.edu/8463553/Effect_of_using_habit_of_cell_phone_on_the_study_of_the_students_A_case_study_on_parents_and_teachers_of_Sargodha_city
4. http://www.amta.org.au/articles/amta/Survey.shows.strange.mobile.phone.habits
5. https://www.researchgate.net/publication/299540610_Mobile_Phone _Usage_among Youth